ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨--૨૫૫૩૭૭ ફેક્સ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૭/ 471 તારીખ: 26/12/17

રજી. એ. ડી દ્વારા

પ્રતિ શ્રી,
પેગ્યુઇન પ્લાયવુડ પ્રા. લીમીટેડ,
સર્વે નંબર – ૧૦૨/૧, ૧૦૨/૪,
દુધઇ રોડ, ગામ– કબરાઉ
તા– ભચાઉ
જી– કચ્છ

Mobile Number :- 9924308106

વિષય:– અનીયમીત વીજપુરવઠો મળવા બાબત અંગે.

સદર્ભ:– (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૭/૨૦૧૭–૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ: – ૧૮/૧૨/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ. એન વઢોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

બિડાણ–ઉપર મુજબ

O/c

નકલ સાદર રવાના:–
૧. શ્રી એ. એમ. ઠેબર
ચેરમેનશ્રી સી. જી. આર. એફ. ભુજ.
બ્લોક નં. એ. એ. – ૧૦ ઓસ્કાર સોસાયટી, નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ, રાજકોટ– ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી, સ્વતંત્ર સભ્ય,
૧૦/ ૧૧૬ લક્ષ્મી પાર્ક, લક્ષ્મી વાડી, પૂજારા પ્લોટ મેઇન રોડ,
ક્વાવાલી ખોડીયાર મંદીર સામે, રાજકોટ–૩૬૦૦૦૨.

૩. શ્રી પી. આર. વ્યાસ, ટેકનીકલ મેમ્બરશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ

૪. શ્રી અધિક્ષક ઇજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

૫. કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી – ભચાઉ

૬. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી – ભચાઉ



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

* કેસ નં - પીજી ૦૩-૦૦૭-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખઃ- ૧૨-૧૦-૨૦૧૭
* નિર્ણયની તારીખઃ- ૧૮-૧૨-૨૦૧૭

| | | |
|---|---|---|
| અરજદાર | :- | શ્રી પેગ્યુન પ્લાયવુડ પ્રાઈવેટ લિમિટેડ |
| અરજદાર વતી રજુઆત કરનાર | :- | અરજદાર વતી તેમના અધિકૃત પ્રતિનિધિ ગોવિંદભાઈ વિશ્રામભાઈ પટેલ(ચેરમેન) હાજર છે. |

## વિરુધ્ધ

| | | |
|---|---|---|
| સામાવાળા | :- | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભચાઉ. |
| સામાવાળા વતી રજુઆત કરનાર | :- | શ્રી જે.વાય.રાવ., કાર્યપાલક ઈજનેર, ભચાઉ વિભાગીય કચેરી. |

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે સુનાવણી તા.૨૮/૧૧/૨૦૧૭ અને તા. ૧૮/૧૨/૨૦૧૭ના અનુક્રમે ભુજ તેમજ અંજાર મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા. ૨૮.૧૧.૨૦૧૭ નાં રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં ફરિયાદી ગ્રાહકશ્રીનાં અધિકૃત પ્રતિનિધિ શ્રી ગોવિંદભાઈ વિશ્રામભાઈ પટેલ (ચેરમેન) હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે ૨૦૦ કેવી નું એચટી કનેક્શન ગામ કબરાઉ તા. ભચાઉ ખાતે ધરાવીએ છીએ સર્વે ન. ૧૦૭/૧ ને ૧૦૭/૪ માં કાર્યરત છે. આ વિજ કનેક્શન અમોએ પ્લાયવુડ બનાવવાના હેતુ માટે લીધેલ છે. અમારો પ્લાયવુડ નો વ્યવસાય સતત હોવાથી વીજપુરવઠો અતિ આવશ્યક છે. અમોને અમારા સ્થળ ઉપર કાયમ અનિયમિત વિક્ષેપવાળા વીજપુરવઠા ને કારણે ઇલેક્ટ્રિક સાધનોને ખુબ જ નુકશાન થાય છે. સદર અમારું વીજ કનેક્શન ૨૩.૦૧.૨૦૧૪ થી ચાલુ છે. અમોએ અમારી ફરિયાદ સાથે

Scanned by CamScanner

તા.૧૭.૦૨.૨૦૧૭ થી ૦૮.૦૯:૨૦૧૭ સુધીના સમયગાળામાં જે વીજ વિક્ષેપ (ઇન્ટ્રપશન) થયેલ છે, તેની વિગત આપેલ છે. જેના પરથી સ્પષ્ટ ફલિત થાય છે કે આટલા ટ્રીપીંગમાં વ્યવસાય કેમ કરવો અમોને પાવર કટ બાબતે આગોતરી જાણ કરવામાં આવતી નથી દર માસે અમો ૨ થી ૩ લાખનું વીજ બીલ પીજીવીસીએલમાં ભરીએ છીએ તેમ છતાં અમારી ફરિયાદ દુર કરવામાં નીરસતા, નિષ્કાળજી દાખવી છે અને અમોને આર્થિક નુકશાન આપેલ છે . હાલના સ્પર્ધાત્મક યુગમાં અમારે બીજી કેટલીક મુશ્કેલીઓ સાથે ધંધામાં કેમ ટકી રહેવું તે મોટો પ્રશ્ન છે. અમારી ઇન્ટ્રપશન અંગેની ફરિયાદ સંબધિત પીજીવીસીએલની કચેરીએ રૂબરૂ તેમજ ટેલીફોનીક કરેલ છે છતાં અમારા પ્રશ્નો બહેરા કાને અથડાતો હોય તેવું મહેસુસ કરેલ છે. ત્યાર પછીનાં ઇન્ટ્રપશનનું રેકોર્ડ રજીસ્ટ્રર અત્રે રજુ કરું છું.

આજરોજ તા.૧૮.૧૨.૨૦૧૭ નાં રોજ અંજાર મધ્યે ફોરમની બેઠકમાં ફરિયાદી કે પ્રતિનિધિ કોઈ હાજર રહેલ નથી.

## પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા.૨૮.૧૧.૨૦૧૭ નાં રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં, પીજીવીસીએલ વતી શ્રી જે.વાય.રાવ હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે ગ્રાહક ન. ૩૨૪૧૦ ગ્રાહક નંબરવાળું એચટી વીજ કનેક્શન મેસર્સ - પેગ્યુઈન પ્લાયવુડ પ્રા.લી. નામનું કબરાઉ ગામ મુકામે વીજ કનેક્શન આવેલ છે. સદર વીજ કનેક્શનને ૬૬ કેવી આમરડી સબસ્ટેશન માંથી નીકળતા ૧૧ કેવી લુણવા જ્યોતિગ્રામ ફીડર માંથી પાવર સપ્લાય મેળવે છે જે ફીડરમાં આમરડી, કુંભારડી, કબરાઉ, શિકારા, નેર,જૂની બંધડી, નવી બંધડી, કંડોળ, અમરસર એમ કુલ ૫૫ કિમી જેટલી ૧૧ કેવી લાઈન પસાર થાય છે. જે રણ કાંઠાના ગામોમાંથી પસાર થાય છે તથા ભૌગોલિક તેમજ વાતાવરણ ની અસરને કારણે સાદર ફીડરમાં પાવર વિક્ષેપ સર્જાય છે. પરંતુ સદર બાબતે પીજીવીસીએલ ભચાઉ દ્વારા સદર ફીડર નું જરૂરી સમારકામ હાથ ધરેલ છે.તથા આઠ કિમી લાઈનના પોલ તેમજ વાયર બદલાવેલ છે.તેમજ સદર ફીડરના બે ભાગ કરવા પ્રોજેક્ટ ૧૯૭૫૮૩ થી દરખાસ્ત મંજૂરી માં મુકેલ છે, જે મંજુર થતા તાત્કાલિક ધોરણે સદર ફીડરના બે ભાગ કરવામાં આવશે. સદર ફીડરમાં હાલમાં નીચે જણાવ્યા મુજબની કોસ્ટલ સ્કીમ મુજબ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

| | |
|---|---|
| કુલ કંડકટર | ૧૪.૫૨૯ કિમી |
| પીએસસી પોલ નવા બનાવેલ | ૧૧૪ |
| વી ક્રોસ આર્મ | ૯૮ |
| ટોપ ફીટીંગ | ૧૦૪ |
| સાઈડ ક્લેમ્પ | ૧૯૮ |
| નવી ધાય | ૪૪ |
| પીન ઇન્સુલેતર | ૨૯૨ |
| ડિસ્ક ઇન્સુલેતર | ૬૬ |
| અર્થીંગ | ૧૧૩ |

Scanned by CamScanner

ઉપરોક્ત કામગીરી હાથ ધરી સદર ગ્રાહકને વિના વીજ વિક્ષેપ પાવર મળે તેવા તમામ પ્રયાસો હાથ ધરી સદર પ્રશ્નનો હલ આગામી સમય દરમિયાન થઇ જશે. જે આપની જાણ સારું. વિશેષ માં ગ્રાહકશ્રીની રજુઆતના આધારે ફોરમને અમારી વિનંતી છે કે અમોને એક મુદત આપવા વિનંતી છે.

**આજરોજ** તા.૧૮.૧૨.૨૦૧૭ નાં રોજ અંજાર મધ્યેની ફોરમની બેઠકમાં, પીજીવીસીએલ વતી શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેર, ભચાઉ ડિવીઝન હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે અગાઉ તા.૨૮.૧૧.૧૭ નાં રોજ અમારી જે રજૂઆત માન્ય રાખવી અને વિશેષમાં કોઈ રજૂઆત નથી.

## નિષ્કર્ષ

(3) **બન્ને પક્ષકારોની** લેખિત તેમજ મૌખિક રજૂઆતો તેમજ ફાઈલમાં પડેલ પુરાવાઓને ધ્યાને લેતાં ફરિયાદીની મુખ્ય ફરિયાદ તેમના હયાત એચ.ટી. કનેક્શનમાં વીજ વિક્ષેપ(અનિયમિત વીજપુરવઠો) મળવા અંગેની છે. આ વીજવિક્ષેપને કારણે તેમને ઉદ્યોગને વિનાકારણે ઉત્પાદનમાં ખૂબ જ નુકસાન સહન કરવું પડેલ. સામા પક્ષે પીજીવીસીએલની રજૂઆત છે કે, સદર અરજદારનું વીજકનેક્શન મેસર્સ પેગ્યુન પ્લાયવુડ પ્રાઈવેટ લિમિટેડ, ગામ-કબરાઉ ખાતે તા. ૨૩-૦૧-૨૦૧૪ થી આપવામાં આવેલ છે. સદર વીજકનેક્શન પીજીવીસીએલની માલિકીના ૧૧ કે.વી. લુણવા જ્યોતિગ્રામ ફીડરમાંથી આપવામાં આવેલ છે. સદર ફીડરની કુલ્લ લંબાઈ આશરે ૫૫ કિ.મી. થાય છે અને સદર જ્યોતિગ્રામ ફીડર રણના કાંઠાના ૯(નવ) ગામોમાંથી પસાર થાય છે અને આમ અરજદારના વીજકનેક્શન ઉપરાંત બીજા ૯(નવ) ગામો આ ફીડર ઉપર જોડાયેલ હોવાથી સ્વાભાવિક રીતે ૯(નવ) ગામો પૈકી કોઈ પણ એક ગામમાં વીજવિક્ષેપ થાય તો તેની અસર જ્યોતિગ્રામ ફીડર ઉપર પડવાથી ફરિયાદીને વીજવિક્ષેપનો વીજપુરવઠો મળે તે સ્વાભાવિક છે. આમ છતાં ફરિયાદીને સંભવત ઓછા વીજ વિક્ષેપવાળો વીજ પુરવઠો મળી રહે તે અંગેની જરૂરી ફીડરના સમારકામ(મેઈનટેનન્સ)ની કામગીરી ૫૫ કિ.મી.ની હયાત ફીડરમાં તબક્કાવાર માહે જાન્યુ-૨૦૧૮ના અંત સુધીમાં પૂર્ણ કરવી જોઈએ. હાલ માહે નવે-૨૦૧૭ના અંત સુધીમાં સદર જ્યોતિગ્રામ ફીડરમાં વીજવિક્ષેપ ઓછા કરવાની કામગીરીના ભાગરૂપે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

| | |
|---|---|
| કુલ કંડકટર | ૧૪.૫૨૯ કિમી |
| પીએસસી પોલ નવા બનાવેલ | ૧૧૪ |
| વી ક્રોસ આર્મ | ૯૮ |
| ટોપ ફીટીંગ | ૧૦૪ |
| સાઈડ ક્લેમ્પ | ૧૯૮ |
| નવી ધાય | ૪૪ |
| પીન ઇન્સુલેતર | ૨૯૨ |
| ડિસ્ક ઇન્સુલેતર | ૬૬ |
| અર્થીંગ | ૧૧૩ |

Scanned by CamScanner

આમ, ઉપરોક્ત કામગીરી હાથ ધરી સદર ગ્રાહકને વીજવિક્ષેપ ઓછા થાય તેવો વીજપુરવઠો મળે તેવા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. વિશેષમાં સદર ૧૧ કે.વી. લુણવા જ્યોતિગ્રામ ફીડરના વિભાજન બાબતના પ્રોજેક્ટ પણ તૈયાર કરવામાં આવેલ છે. જે મંજૂર થઈ કંપનીના નિયમાનુસાર પૂર્ણ કરવામાં આવશે. ઉપરોક્ત હકીકતો તેમજ રજૂઆતોને મૂલવતાં અત્રેનું ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, ફરિયાદીનો વીજવિક્ષેપવાળો વીજપુરવઠો હયાત ૧૧ કે.વી. જ્યોતિગ્રામ ફીડરમાંથી અરજદારના વીજકનેક્શન ઉપરાંત બીજા ૯(નવ) ગામો જોડેલ હોવાને કારણે મળે છે. સદર વીજફીડરનું વિભાજન કરવાની પ્રકિયા તેમજ હયાત ફીડરનું જરૂરી સમારકામ કરવાની કામગીરી અરજદારને ઓછા વીજવિક્ષેપવાળો પુરવઠો મળી રહે તેવા આશયથી કંપની સ્તરે હાથ ધરવામાં આવેલ છે. આમ, સમારકામ માહે જાન્યુ-૨૦૧૮ સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે તેવું કંપનીએ જણાવેલ. આ સંજોગોમાં પીજીવીસીએલ કંપનીએ જાન્યુ-૨૦૧૮ના અંત સુધી પૂર્ણ કરવું. ફરિયાદીની ફરિયાદ અંશતઃ માન્ય રાખવામાં આવે છે.

## હુકમ

(૪) ફરિયાદીની ઓછા વીજવિક્ષેપ સાથે વીજપુરવઠો તેમના હયાત એચ.ટી. કનેક્શનમાં મળી રહે તે અંગે જરૂરી સમારકામ હયાત જ્યોતિગ્રામ ફીડર પર માહે જાન્યુ-૨૦૧૮ના અંત સુધીમાં પૂર્ણ કરવું, તેમજ હયાત વીજફીડરનું વિભાજન તાંત્રિક રીતે યોગ્યતા મુજબની કામગીરી કરવી તેવો આથી હુકમ કરવામાં આવે છે. ફરિયાદીની ફરિયાદ અંશતઃ માન્ય રાખવામાં આવે છે.

સ્થળ : અંજાર-કચ્છ

તારીખ : ૧૮-૧૨-૨૦૧૭

(એન.એચ.જોષી)
સ્વતંત્ર સભ્યશ્રી
સીજીઆરએફ,
પીજીવીસીએલ,ભુજ.

(એ.એમ.ઢેબર)
પ્રમુખશ્રી
સીજીઆરએફ,
પીજીવીસીએલ,ભુજ.

Scanned by CamScanner